**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૨ ટકા

# વડાપ્રધાન સાથે 'પરીક્ષા પે ચર્ચા' કરવા શહેરના બે વિદ્યાર્થીઓ સામેલ થયા હતા

**ગાંધીનગર જિલ્લામાંથી પસંદગી પામેલ ૪ વિદ્યાર્થીઓમાં શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલના મહર્ષિ સોલંકી અને ધાર્મિક પુજારાની પસંદગી થઈ હતી : મુખ્ય એસ્કોર્ટ શિક્ષક તરીકે અરવિંદભાઈ વાઘરોડિયાએ સેવા આપી હતી**

ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને સંબોધન કરી તેમનું મનોબળ વધાર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના જે ૪૨ વિદ્યાર્થીઓ



પસંદગી પામ્યા હતા તેમાં ગાંધીનગરની શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલના બે વિદ્યાર્થીઓ મહર્ષિ સોલંકી અને ધાર્મિક પુજારાનો સમાવેશ થાય છે. આ સાથે જિલ્લામાંથી ચાર શિક્ષકો અને એક મુખ્ય એસ્કોર્ટ શિક્ષકની ટીમની વિદ્યાર્થીઓની મદદ માટે પસંદગી કરવામાં આવી હતી તેમાં મુખ્ય એસ્કોર્ટ શિક્ષક તરીકે પણ શ્રી સ્વામિનારાયણ સ્કૂલના શિક્ષક અરવિંદભાઈ વાઘરોડિયા પસંદગી પામ્યા હતા.

'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ દ્વારા વડાપ્રધાને તાલકટોરા સ્ટેડિયમ ખાતે ઉપસ્થિત વિદ્યાર્થીઓ સહિત સમગ્ર દેશના વિદ્યાર્થીઓનું બોર્ડની પરીક્ષાઓ પૂર્વે મનોબળ વધારવાનું તેમજ તેમને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન આપવાનું કામ કર્યું હતું. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે ખાસ યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં સામેલ થવા ગાંધીનગર જિલ્લાના ૨૯૬૨૩ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભર્યા હતા જેમાં તેમણે પાંચ અલગ અલગ મુદ્દા પર ૧૫૦૦ શબ્દોમાં અભિપ્રાય આપવાનો હતો અને તેમાંથી શ્રેષ્ઠ અભિપ્રાય આપનારા કુલ ૪૨ વિદ્યાર્થીઓની જિલ્લામાંથી પસંદગી કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓની દિલ્હી ખાતે કાર્યક્રમમાં આવવા જવા સહિતની દેખરેખ રાખવા માટે પાંચ શિક્ષકોની જિલ્લા વાઈઝ એસ્કોર્ટ ટીમો બનાવાઈ હતી જેમાં એક મુખ્ય એસ્કોર્ટ શિક્ષક હતા. ગાંધીનગર જિલ્લાની ટીમના મુખ્ય એસ્કોર્ટ શિક્ષક તરીકે સ્વામિનારાયણ હાઈસ્કૂલના બાહોશ શિક્ષક અરવિંદભાઈ વાઘરોડિયાની પસંદગી થવા પામી હતી જયારે ૪૨ વિદ્યાર્થીઓ પૈકી ૨ વિદ્યાર્થીઓ આજ હાઈસ્કૂલના મહર્ષિ સોલંકી અને ધાર્મિક પુજારાની પણ પસંદગી થવા પામી હતી. વડાપ્રધાને પ્રેરક વકતવ્ય આપી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા ઉપરાંત તેમને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન કરીને તેમનો જુસ્સો બુલંદ બનાવ્યો છે અને તેમનામાં રહેલો પરીક્ષાનો ડર દૂર કરી તણાવ મુકત થઈ પરીક્ષા આપવા પ્રેરણા આપી હતી. વડાપ્રધાને 'પરીક્ષા પે ચર્ચા'માં ભાગ લેનાર વિદ્યાર્થીઓને તેમના અનુભવોના નિચોડ સમાન પુસ્તક 'એકઝામ વૉરિયર્સ' તથા ગત બે વર્ષના કાર્યક્રમની વિડિયો ધરાવતી પેન ડ્રાઈવ ભેટ આપી હતી જે વિદ્યાર્થીઓને ઉપયોગી

## બંને વિદ્યાર્થીઓને પ્રશ્ન પુછવાની તક ના મળી... !!

વડાપ્રધાન સાથે પ્રત્યક્ષ ચર્ચા દરમિયાન મહર્ષિ રાવલની ઈચ્છા એ પુછવાની હતી કે 'પરીક્ષાનું પરિણામ તેના ભવિષ્યની કેરિયર પર કઈ રીતે અસર કરે છે અને આદર્શ વિદ્યાર્થીનું સમયપત્રક કેવું હોવું જોઈએ?' તથા ધાર્મિક પુજારાની ઈચ્છા એ પુછવાની હતી કે 'પરીક્ષા આપતી વખતે અઘરો પ્રશ્ન આવે તો શું કરવું જેથી ડરી ના જવાય અને આપ ઉપવાસ કરો છો તો વિદ્યાર્થી તરીકે અમારે ઉપવાસ કરવા જોઈએ કે નહીં?' જો કે સમયના અભાવે બંને વિદ્યાર્થીઓને પ્રશ્ન પુછવાની તક પ્રાપ્ત થઈ નહોતી પરંતુ વડાપ્રધાનને સાંભળી તેમનો આત્મવિશ્વાસ ખુબ વધી ગયો છે.



સાબિત થશે. ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓ માટે એસ્કોર્ટ ટીમના લીડર અરવિંદભાઈ વાઘરોડિયાની કામગીરીની ડીઈઓ કચેરી તથા સ્કૂલ ઓફ કમિશનર કચેરીના અધિકારીઓ ઉપરાંત શાળાના ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામી અને આચાર્ય ડૉ. સંજયભાઈ રાવલે પ્રસંશા કરી હતી.

# ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની મીના બજારને અદ્યતન બનાવવાની માંગ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના દરેક નાગરિકને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મીના બજારમાં વ્યાજબી ભાવે મળી રહે છે. જૂના અને નવા સચિવાલય પાસે આવેલ મીના બજારને પાણી, ગટર, વિજળી તેમજ રસ્તા અને ફૂટપાથની અદ્યતન સુવિધાઓ સહિત પુનઃ આયોજન સાથે વિકસાવવાની માંગણી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં મીના બજાર વિશેનો વિસ્તૃત અહેવાલ રજૂ કરતા સુમંતભાઈ શાહ દ્વારા જણાવાયું હતું કે, મીના બજારમાં સરકારે માઈક્રો શોપીંગ અર્થે દુકાનો તૈયાર કરી ત્યાં નાનો-મોટો ધંધો કરી સ્વ રોજગાર મેળવતા વેપારીઓને દુકાન ભાડે આપી છે અને સમયાંતરે ૧૫ ટકા વધારો કરી ભાડુ વસુલ કરવામાં આવે છે તથા પાણી સફાઈ વેરો પણ વેપારીઓ ભરે છે.

કેટલાક નવા વેપારીઓ પણ ખુલ્લી જગ્યા પર ગલ્લા જેવી દુકાનો શેડ ઉભા કરી ધંધો કરી રહ્યા છે તથા શાકભાજી અને ફળોની લારીઓ તથા પાથરણા પાથરીને વેપારીઓ દ્વારા ધંધો કરવામાં આવી રહ્યો છે. જે દુકાનો અગાઉ સરકાર દ્વારા ભાડે આપવામાં આવી છે તે છાપરા વાળી છે જેનાથી ચોમાસામાં વેપારીઓને તકલીફનો સામનો કરવો પડે છે. ગટર અને પાણીની પુરતા પ્રમાણમાં સુવિધા આપવામાં આવી રહી નથી. પ્રતિદિન આશરે દસ થી પંદર હજાર જેટલા ગ્રાહકો તથા નગરજનો રસ્તાઓ અને ફૂટપાથની સમસ્યાઓથી તકલીફ અનુભવે છે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સૂચન અપાયું છે કે, સે-૨૧ તરફથી આવતા રેતાળ ખાબડ ખૂબડ રસ્તો તથા સે-૧૯ તરફથી મીના બજારનો ખરાબ અને અધૂરો રસ્તો છે તેની પહોળાઈ વધારી મરામત કરાવવો જરુરી લાગી રહ્યો છે.



હમણાં હમણાં સ્માર્ટસીટી.... સ્માર્ટ સીટીની રમત બહુ ચાલે છે. આ રમતમાં સુઆયોજિત નગરને વધુ સુવિધાઓ આપવાના કારણો આપી જાણે ખેદાન મેદાન કરી દેવાયું છે. રસ્તા ત્યાં ખાડા અને ખાડા ત્યાં ટેકરાં ઉભી કરી દેવાયા છે. લાખોના ખર્ચે બનાવાયેલ ફુટપાથને ઉખેડી હવે પાઈપલાઈન નંખાય છે. નવા રસ્તા, નવી ગટરલાઈન, સ્ટ્રોર્મ વોટર, ડ્રેનેજ લાઈન,વાઈફાઈ અને સીસીટીવી કેમેરાની સુવિધા આપવાના સપના દેખાડવામાં આવી રહ્યા છે. નવી સુવિધાઓ ઉભી થાય તેની સામે વાંધો નથી પરંતુ શહેરની જુની સમસ્યાઓ પ્રત્યે તો તંત્ર દ્વારા જાણે આંખ આડા કાન દેવાય છે. કયાંક માણસોનો તો કયાંક સાધનોની ઘટના બહાના બતાવી દેવાય છે. ઉભરાતી ગટરો અને કચરાના ઢગલાની સમસ્યા ઉકેલાતી નથી ત્યાં સ્માર્ટ સીટીની વાતો થાય છે... સેકટર-૧૧ના હાર્દસમા વાણિજય વિસ્તારમાં છેલ્લા કેટલાય દિવસોથી... મહિનાઓથી ગટર ઉભરાય છે અને ગંદુ પાણી રસ્તા પર વહે છે. અનેક રજુઆતો બાદ પણ તેનો ઉકેલ આવતો નથી. અહીંના સામાન્ય વેપારીઓ અને શહેરીજનોને ના છૂટકે માથુ ફાડી નાંખે તેવી દુર્ગંધનો સામનો કરવો પડે છે. તેમની વ્યથા સ્માર્ટ સીટીના સ્માર્ટ હોદ્દેદારો...? કયાંથી સમજે...!

## સિસિકાની માસિક બેઠક સોમવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા જાન્યુઆરી માસિક સભાનું આયોજન તા. ૨૭મી જાન્યુઆરીના સાંજે સાડા ચાર વાગે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સે-૭-સી ખાતે કરવામાં આવ્યું છે. જેમાં કાઉન્સિલના દરેક સભ્યોએ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. પૂર્ણાહુતિ બાદ શ્રી ગિજુભાઈ ગોવર્ધનરામ ત્રિવેદી 'ગાંધી સ્મૃતિ નિધિ' વ્યાખ્યાન માળા અંતર્ગત જાણીતા વિચારક શ્રી ડંકેશ ઓઝા 'ગાંધીજી અને અહિંસક સમાજરચના' વિષે વાર્તાલાપ કરશે.

# શહેરના નાગરિકને ઠગબાજોએ ૧.૨૦ લાખનો ચુનો ચોપડ્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ ખાતે રહેતા નાગરીકને પેટ્રોલપંપ આપવાના નામે બે ઠગબાજોએ રૂ.૧.૨૦ લાખનો ચુનો ચોપડ્યો છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટી ખાતે રહેતા કિર્તિકુમાર મહેતા પોતાના વતન પાટણ પાસે પેટ્રોલ પંપ નવિન બનાવવા માંગે છે. જેને પગલે તેઓએ એસ્સાર પેટ્રોલિયમ કંપનીની વેબસાઈટ પર ઓનલાઈન રીકવેસ્ટ મોકલી હતી. તે જ દિવસે સામેથી ફોર્મ આવતા તેમણે તે ભર્યું હતું. ૧ જાન્યુઆરીના રોજ તેમને એક મેઈલ મળ્યો હતો જેમાં રજીસ્ટ્રેશન પેટે રૂ.૩૫,૫૦૦ રૂપીયા માંગવામાં આવ્યા હતા. જેથી તેઓએ પૈસા મોકલી આપતા તેની પાવતી પણ ઓનલાઈન મેઈલમાં મળી ગઈ હતી.ત્યારબાદ ૪ જાન્યુઆરીના રોજ લાઈસન્સ ફી પેટે રૂ.૮૫ હજાર માંગતા તેમણે પૈસા ટ્રાન્સફર કર્યા હતા. જેને પગલે કંપનીના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ અરૂણ જયસ્વાલ નામથી તેમને લાઈસન્સ નંબર મેઈલ કર્યો હતો. ત્યારબાદ શખ્સે કોઈ જ રૂપીયા ભરવાના થતા નથી તેમ કહ્યું હતું. જો કે ફરીયાદીને કંપનીમાંથી રૂ.૨.૨ લાખ સિકયોરીટી ડિપોઝીટ પેટે આપવાનો મેઈલ આવતા તેમને શંકા ગઈ હતી. જેને પગલે ફરીયાદીએ અમદાવાદ ખાતે કંપનીની ઓફિસ જઈને તપાસ કરતા તેમને છેંતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. જેથી તેઓએ અરૂણ જયસ્વાલ અને મુકેશ ખુરાના નામના શખ્સો સામે ફરીયાદ કરી છે. આંતરીક સુત્રો દ્વારા મળતી માહિત મુજબ ફરીયાદી જયારે અમદાવાદ ખાતે એસ્સાર કંપનીની ઓફિસે ગયા હતા.ત્યારે તેઓને જાણવા મળ્યું હતું કે કંપનીની વેબસાઈટ કોઈએ હેક કરી છેતરપિંડી કરી છે. કંપનીને પણ આ અંગે ત્રણ ચાર ફરીયાદો મળતા કંપની પણ તપાસ કરી રહી છે.



સાઈકલ મારી સરરર... જાય ટ્રીન... ટ્રીન ઘંટડી વગાડતી જાય... બાળપણમાં આ બાળગીત ખુબ ગાયું.... મોંઘી એસયુવી અને સીડાન કારમાં ફરનારી આજની જનરેશનને કદાચ સાઈકલનું મહત્વ નહીં સમજાય. સીત્તેર એંશીના દાયકામાં સાઈકલની જે જાહોજલાલી હતી તે કયાંક ખોવાઈ ગઈ છે. શાળાના બાળકો હવે તેનો ઉપયોગ કરે છે જયારે યુવાનોમાં ફીટનેસ જાળવવા સાઈકલીંગ કરવામાં આવે છે. આ સાઈકલો પણ હવે હાઈફાઈ થઈ ગઈ છે. તેના ફીચર્સ બદલાઈ ગયા છે. જો કે તસવીરમાં દેખાતા આ બાળકો માટે સાઈકલ હજુ લકઝરી જ છે. કયાંકથી મળી આવેલી આ સીટ વગરની સાઈકલ આ બાળકો માટે શાહી સવારીની ગરજ સારી રહી છે. ચાલો કયાંક તો કોઈકને તો સાઈકલનું મહત્વ સમજાયું....!

# કડજોદરા ગામેથી એલસીબીએ દારૂ-બિયર ભરેલી એસયુવી પકડી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખીયાલ પોલીસ મથક વિસ્તારમાં આવેલા કડજોદરા ગામના નાળીયામાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો એલસીબી-૨ ની ટીમે પકડી પાડ્યો છે. પોલીસે એસયુવી કાર અને દારૂ-બિયર મળીને કુલ રૂ.૬,૦૯,૮૦૦નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી-૨ના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ પી.એન.પઢીયાર વિવિધ ટીમો બનાવી હાઈ-વે માર્ગ પર પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ હે.કો.અશ્વિનસિંહ કાનાજી, પો.કો.નરેશકુમાર પરબતભાઈ દહેગામ બાયડ માર્ગ પર વોચ ગોઠવી કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન બાયડ તરફથી આવતી એક સિલ્વર કલરની મહીન્દ્રા એસયુવી કાર શંકાસ્પદ જણાતા તે કારનો પીછો કર્યો હતો. જેને પગલે કારનો ચાલક કડજોદરા ગામની આગળ ઝાલાવાળા ગામના નાળીયામાં એરંડાના ખેતર નજીક પોતાની કાર મુકીને ચાલક ખેતરોમાં નાસી ગયો હતો. પોલીસે મહીન્દ્રા એસયુવી કાર નં.જી.જે.૦૧.કે.આર.-૭૩૯૯ માં તપાસ કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂ, ઓફીસર ચોઈસ વ્હીસ્કી ૭૫૦ એમએલની બોટલ નંગ-૪૭ કિં.રૂ.૧૮,૮૦૦, ઓફિસર ચોઈસ વ્હીસ્કી૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ-૫૭૫ કિં.રૂ.૫૭,૫૦૦ અને હેવર્ડ ૫૦૦૦ બિયરના ટીન નંગ-૩૩૫ કિં.રૂ.૩૩,૫૦૦ મળી કુલ કિં.૧,૦૯,૮૦૦ તેમજ ગાડીની કિંમત રૂ. ૫ લાખ મળીને કુલ રૂ. ૬,૦૯,૮૦૦નો મુદ્દામાલ પકડી પાડી એલસીબી-૨ પોલીસે ગાડીના ચાલક સામે રખિયાલ પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની તપાસ શરુકરી છે.



ચુંટણીપંચ નવી દિલ્હીની સ્થાપનાના દિવસને કેન્દ્ર સરકાર દ્વારા 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' તરીકે જાહેર કરવામાં આવેલ છે. જે સંદર્ભે રાજય મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ગાંધીનગર કચેરી દ્વારા કર્મચારી સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા મોટી સંખ્યામાં હાજર રહીને નિષ્ઠાપૂર્વક મતદાન કરવાની અને મતદાન કરાવવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# સેકટર-૨૮ બગીચા પાસે સફાઈ કર્મયોગીઓ સાથે સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષ જોડાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ બગીચા નજીક આજરોજ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષ મનહર ઝાલાની ઉપસ્થિતમાં સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોગના અધ્યક્ષશ્રીના હસ્તે સફાઈ કર્મચારીઓના સર્વરોગ નિદાન કેમ્પ અને સફાઈ કર્મચારીશ્રીઓના જાગૃત્તિ કેમ્પનો આરંભ સેકટર-૨૮ રંગમંચ ખાતે કરવામાં આવ્યો હતો. મહાનુભાવોના હસ્તે બે સફાઈ કર્મચારીઓને સેનેટરી ઈન્સ્પેકટરના નિમણુંક પત્રો



અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વચ્છતા અભિયાનના આરંભે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષ મનહરભાઈ ઝાલાએ સેકટર-૨૮ બગીચાના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે હાથમાં ઝાડું લઈ સફાઈ કર્મીઓ સાથે સ્વચ્છતા કરવા જોડાયા હતો. ત્યાર બાદ સ્વચ્છતા કર્મચારી મહિલાઓ સાથે તેમના પ્રશ્નો જાણ્યા હતા.

સ્વચ્છતા અભિયાન બાદ સેકટર-૨૮ રંગમંચ ખાતે આયોજિત સફાઈ કર્મચારીશ્રીઓના જાગૃત્તિ કેમ્પ અને સર્વ રોગ નિદાન કેમ્પનો દીપ પ્રાગટ્ય કરીને આરંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે આયોગના અધ્યક્ષ મનહરભાઈ ઝાલાએ



જણાવ્યું હતું કે, દેશની સુરક્ષા રાખવાનું કામ જેમ સૈનિકો કરે છે. તેમ દેશના નાગરિકોને નિરોગી સ્વાસ્થ્ય રાખવાનું ઉમદા કાર્ય સફાઈ કર્મીઓ કરે છે. સ્વચ્છતા પ્રભુને પણ ગમે છે, જેથી આ કામ નાનું કામ નથી, પણ સમાજ સેવાનું કામ છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નીચે બેસી સફાઈ કર્મચારીને ખુરશીમાં બેસાડી તેમના પગ ધોઈને તેમનું સન્માન કર્યું હતું.

આ કાર્યક્રમમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, મહાનગરપાલિકાના કમિશનર ડાં. રતનકંવર ગઢવી ચારણ, મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર દવે સહિત મોટી સંખ્યા સફાઈ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## મુવી હાઉસ

**સિટી પલ્સ, કુડાસણ**

**સ્ટ્રીટ ડાન્સર (૨-ડી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર (૩-ડી)**
૧૧.૪૫, ૫.૪૫
**તાન્હાજી (૩-ડી)**
૩.૦૦, ૯.૩૦
**ગુડ ન્યૂઝ**
૧૦.૦૦
**પંગા**
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

## @ગાંધીનગર

● કીડઝી સરગાસણ દ્વારા વાર્ષિક રમતોત્સવ સવારે ૯ થી ૧૧ દરમિયાન શાન્તમ પાર્ટી પ્લોટ, સરગાસણ ખાતે યોજાશે.

● વિશ્વ ગ્રામ કડી સર્વ વિશ્વ વિદ્યાલય પ્રેરિત ગુલઝાર અહેમદ ગનાઈ દ્વારા પ્રસ્તુત કરતો સ્નેહ સંગીત સંવાદ-૩ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન ખિમજી વિશ્રામ હોલ, નાથીબા કોલેજ, ગેટ નં. ૬ કડી કેમ્પસ, સે-૨૩ ખાતે યોજાશે.

● નેશનલ વોટર્સ ડે નિમિત્તે સવારે ૧૧ વાગે સે-૧૨ સ્થિત સિવિલ હોસ્પિટલ કેમ્પસના ઓડિટોરીયમ હોલ ખાતે કાર્યક્રમ યોજાશે.

## આજે પંચદેવ મંદિર ખાતે વિષ્ણુ યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

છેલ્લા પાંચ વર્ષથી ટીફીન સેવામાં કાર્યરત રાધે શ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત જનસેવા સમિતિ ગાંધીનગરને અમદાવાદ કિડની હોસ્પિટલમાં ટિફીન સેવા આપતા પાંચ વર્ષ પૂર્ણ થતા આજે વિષ્ણુયજ્ઞ તથા ઉત્સવ યોજાશે.

ટીફીન સેવામાં પાંચ વર્ષ પૂર્ણ થતા આજે સવારે ૮ થી ૧ દરમિયાન સે-૨૨ પંચદેવ મંદિર ખાતે વિષ્ણુ યજ્ઞ તથા ઉત્સવ યોજાશે. જે અંતર્ગત સવારે ૮ થી ૧ વિષ્ણુ યજ્ઞ તથા ધર્માચાર્ય પ.પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી મહારાજના આર્શીવચન યોજાશે. આ કાર્યક્રમમાં પંચદેવ મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ શેઠ ખાસ ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી ટીફીન સેવા, આરોગ્યલક્ષી સેવા, દિવ્યાંગો માટે સેવા, સામાજીક સાથે પીવાના પાણીની સેવા, ખીચડી પ્રસાદ વિતરણ, વૃક્ષારોપણ કાર્યક્રમ, આધ્યાત્મિક પ્રવૃત્તિ તથા યોગ શિબિર જેવી સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સંસ્થા દ્વારા કાર્યરત ટીફીન સેવાને પાંચ વર્ષ પૂર્ણ થતા કરવામાં આવતી ઉજવણીમાં સર્વે શહેરીજનોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ રાધેશ્યામ વી. યાદવ દ્વારા જણાવાયું છે.

## 'ત્રિદલ' સંસ્થાની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા.૨૪

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી 'ત્રિદલ' સંસ્થાની જાન્યુઆરી ૨૦ની બેઠક તા. ૨૬ જાન્યુઆરીના રોજ સાંજે ૪.૩૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧ ખાતે મળશે.

બેઠકમાં ઉપસ્થિત સર્જકો દ્વારા સ્વરચિત રાષ્ટ્રભકિતનાં ગીત તેમજ શૌર્યગીત રજૂ કરાશે. સૌ સર્જકો તથા ભાવકોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન હરજીવનભાઈ મદલાણી, ઉ.વ. ૯૦
- સ્વ. પદમાબેન સુકુમાર દત્તા, ઉ.વ. ૭૧
- સ્વ. પટેલ મણીલાલ હિરાલાલ, ઉ.વ. ૮૦